# મારી શાળા...

**પૂજ્ય આચાર્યશ્રી, શિક્ષણગણ-વાલીગણ તથા વ્હાલા બાળમિત્રો...**



આજે આપણી શાળાનો ૯૩મો સ્થાપનાદિન છે. ૧૯૨૪ની સાલમાં શ્રાવણસુદ સાતમને દિવસે શારદામંદિરની સ્થાપના થઈ હતી. શ્રી વજુભાઈ દવેના યોગ્ય માર્ગદર્શન હેઠળ આ સ્કૂલ દિવસે દિવસે પ્રગતિનાં સોપાન સર કરતી ગઈ. શ્રી વજુભાઈએ આ સ્કૂલનું સુકાન ખૂબ જ સરસ રીતે સંભાળ્યું. એ પછી શ્રી દિનુભાઈ દવેના હાથમાં સ્કૂલનું સુકાન આવ્યું. ઉત્તરોત્તર આપણી શાળા પ્રગતિ કરતી ગઈ, તે હજુ સુધી એ આગળ વધતી ગઈ છે...

આજે આ નાના બાળકો જ્યાં બેઠા છે... ત્યાં ક્યારેક હું ૨૦ વર્ષ પહેલા મારા માતા-પિતા સાથે બેઠી હતી. આ મારી Journey અત્યારે અહીં હું આવી ત્યારે વિચારી રહી હતી... આ જ આંગણામાં રમતાં - રમતાં, પડતા - ઊઠતા - લડતા મોટા થયા... અનુભવી શિક્ષકોનું સતત માર્ગદર્શન અને તેમની કેળવણી એ બધું કેવી રીતે ભૂલાય ! માતા-પિતા પછી ગુરુ જ આપણને સાચું માર્ગદર્શન આપે છે... આપણા જીવનના ઘડતરમાં તેમનો અમૂલ્ય ફાળો છે. મારા જીવનમાં મારી શાળાના શિક્ષકોએ ખૂબ જ અગત્યનો ભાગ ભજવ્યો છે... અમે એક કોલસો હતા... પણ શિક્ષકોએ તેને ઘસી ઘસીને આજે અમને અમૂલ્ય હીરો બનાવી દીધા... તેમનો ઉપકાર કેવી રીતે ભૂલાય... તેમનું ઋણ ક્યારેય ન ચૂકવાય...

શ્રી વજુભાઈ દવે માટે શું કહેવું ! હું છઠ્ઠા ધોરણમાં હતી. અચાનક બધાને પ્રાર્થના મંદિરમાં બોલાવવામાં આવ્યા... અમને બધાને આશ્ચર્ય થયું કે બપોરે ૧-૦૦ વાગે અમને શું કામ બોલાવવામાં આવ્યા ! વાત એમ બની હતી કે દસમા ધોરણના એક વાલીએ શ્રી વજુભાઈને ફોન કર્યો હતો અને કહ્યું હતું કે અમારો છોકરો રાત્રે વાંચવા માટે ગોળી લે છે... આવું કેમ બને ! આ સવાલથી શ્રી વજુભાઈના મનમાં વિચાર આવ્યો કે ક્યાંક મારા ઘડતરમાં કંઈક કમી છે... મારી શિક્ષણ પદ્ધતિમાં કંઈક ખોટ છે... તેથી શ્રી વજુભાઈએ નિર્ણય લીધો કે મારા છોકરાઓને પરીક્ષાનો આટલો બધો "હાઉ ! આટલો બધો ડર ! તો પરીક્ષા જ નથી લેવી." તમારે કોઈએ પરીક્ષા આપવાની નથી. આ વાક્યથી અમે બધા રાજીના રેડ થઈ ગયા... તાળીઓના ગડગડાટથી એમને વધાવી લીધા... અમારી પરીક્ષા કેન્સલ થઈ પણ પદ્ધતિ બદલી કાઢી. અચાનક જ આવી અમારા વર્ગશિક્ષકે પાંચ પ્રશ્નો લખ્યા અને જવાબ અમે આપ્યા... એ જ અમારી પરીક્ષા ... અને અમે સાતમાં ધોરણમાં આવી ગયા... શ્રી વજુભાઈ દવે દરેક વિદ્યાર્થીનાં જીવનમાં આવી અસર મૂકતા ગયા છે.

જીવનમાં અનેક મુશ્કેલીઓ આવે પણ તેમનો સામનો કરવાની તાકાત અમને આ સ્કૂલ તરફથી મળી છે. જિંદગીમાં ક્યારેય સત્યનો સાથ નહીં છોડવાનો પાઠ અમને આ સ્કૂલમાં નાનપણથી શીખવવામાં આવ્યો છે. વડીલોને આદરપ્રેમથી બોલાવતા... કરુણા ને દયા આ બધું જ અમને અમારા શિક્ષકોએ ખૂબ જ પ્રેમથી સમજાવ્યું. અને ખરેખર એ બધું જ અમે જિંદગીમાં અનુસર્યું... આજે અમે બીજું ભલે કંઈ ના બની શક્યા પણ એક સાચા પ્રામાણિક માનવ તો ચોક્કસ બની શક્યા... સ્કૂલના શિક્ષકો માટે જેટલું કહીએ તેટલું ઓછું છે... આજે એ બધાને અંતઃકરણપૂર્વક હૃદયથી વંદન કરું છું...

છેલ્લે મારા બાળમિત્રોને એક વાત કહેવા માગું છું... આપણને હંમેશાં મારું એ સારું બોલીએ બરોબર ! પણ એમાં આપણે જરાક ફેરફાર કરીએ... 'મારું એ સારું' કરતાં 'સારું એ મારું'... બનાવીએ.

મને આ પ્રસંગે આમંત્રિત કરવા બદલ અંતઃકરણપૂર્વક આપ સૌનો આભાર માનું છું. આપની વચ્ચે અને આપની સમક્ષ આવવાની તક બદલ ગુરુજનોનો આભાર માનું છું... જેવી રીતે સ્કૂલનાં દરવાજા અમારા માટે કાયમ ખુલ્લા હોય છે... જેટલો હક્ક દીકરી પોતાના પિયર પર કરે છે તેટલો જ હક્ક ને અધિકાર અમારી શાળાનો અમારા ઉપર છે તેની હું મારા તરફથી ખાતરી આપું છું... આપની સેવા માટે હંમેશાં તત્પર રહીશું...

આભાર...

**ચેતના શાહ દોશી (૧૯૯૬)**

**તા. ૯-૮-૧૬**